# ઘરે શીખીએ

## ધોરણ ૩

**જુલાઈ, ૨૦૨૦**




વિદ્યાર્થીનું નામ: ______________________________

વાલીનું નામ: ______________ મોબાઈલ નંબર: ______________

શાળા: ______________________________

ગામ/શહેર: ______________________________


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT
Gandhinagar

## નિર્માણ પ્રક્રિયાના સહયોગી

**સંકલ્પના અને માર્ગદર્શન :** શ્રી પી. ભારતી, IAS
નિયામકશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર
ડૉ. ટી. એસ. જોષી
નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**સંયોજન** : શ્રી પાર્થેશ પંડ્યા, આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**લેખન** : શ્રીમતી બિંદુબા ઝાલા, બ્રહ્મદીપ ટ્રસ્ટ, રાજપુર
ડૉ. અમૃતા બધેકા; શ્રી પાર્થ તેરૈયા; શ્રી પાર્થેશ પંડ્યા; શ્રીમતી શિવાની જૈન
આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

**પરામર્શન** : શ્રી હરેશભાઈ ચૌધરી, રીચ ટુ ટીચ, ગાંધીનગર
શ્રી હિરેનભાઈ વ્યાસ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી
શ્રી નીતિનભાઈ દલવાડી, જી.સી.ઈ.આર.ટી.

**ડીઝાઈન** : ચારકોલ ધ સ્ટુડીઓ, અમદાવાદ

---

**સહયોગ** : જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન; યુનિસેફ, ગાંધીનગર

©૨૦૨૦ જી. સી. ઈ. આર. ટી; સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ;
આઇટુવી ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન, ગાંધીનગર

આવૃત્તિ- જુલાઈ ૨૦૨૦, ગુજરાત

## દોસ્ત સાથે વાત

કેમ છો દોસ્ત? મજામાં? જૂન મહિનાની ‘ઘરે શીખીએ’ માં આપેલી બધી પ્રવૃત્તિઓપૂરી કરી દીધી?

તો આ જુલાઇ મહિનાની ‘ઘરે શીખીએ’ પણ તમારા માટે તૈયાર જ છે. પણ, જો કોઈ પ્રવૃત્તિઓ બાકી હોય તો પહેલાં એ પૂરી કરજો. પછી આ માસની... બરાબર ને? આ વખતે પણ આપણે રંગ પૂરીશું, ગીત ગાઈશું, વાર્તા સાંભળીશું, રમત રમીશું. અરે આ વખતે તો ઝાડ સાથે વાતો પણ કરીશું. તમને જે પ્રવૃત્તિ ખૂબ ગમે તે તમારા શિક્ષકને જણાવજો. ક્યાંય ન સમજાય કે મુશ્કેલી પડે તો પણ તમારા શિક્ષકને પૂછજો. ફોન કરજો. શિક્ષકને ખૂબ ગમશે.

જે પ્રવૃત્તિ સાથે QR કોડ (ચોરસ નિશાન) આપેલ હોય તે સ્કેન કરશો તો તમને વિડીયો પણ જોવા મળશે. તો, અમારા તરફથી નવી ‘ઘરે શીખીએ’ પોથી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**વાલીમિત્રો,**


નમસ્કાર, આપનું બાળક હાલ ઘરે રહી ભણી રહ્યું છે. તેનું શિક્ષણ ન બગડે તે માટે આપણે સૌ મથી રહ્યાં છીએ. જો આપના બાળકને સરખું વાંચતાં કે વાંચેલું સમજતાં ન ફાવે તો તેને મદદ કરજો. તેને દોરા, કાતર, કાગળ, ગુંદર, રંગ કે અન્ય સામગ્રીની જરૂર પડે તો આપજો. હાલ તમારે બાળકના વાલી ઉપરાંત માર્ગદર્શક પણ બનવાનું છે. વાલી મિત્રો આ સાથે આપણે બીજું એ પણ ધ્યાન રાખવાનું છે કે બાળકને સમયસર પોષણયુક્ત આહાર મળતો રહે. ભણવાની સાથે સાથે તેનો શારિરીક વિકાસ પણ અટકે નહીં તે માટે યોગ, કસરત અને રમત-ગમત જેવી પ્રવૃત્તિઓ પણ કરે તેનું ધ્યાન રાખવું. બાળક સાથે તેના શીખવાના અનુભવોની વાતચીત કરવી.

આ સંપુટનાં છેલ્લા પાને બાળકની પ્રવૃત્તિઓની નોંધ કરવા માટેનું એક પત્રક આપેલ છે. જે તમારે ભરવાનું છે.

| પ્રવૃત્તિ ક્રમ | પ્રવૃત્તિનું નામ | સામગ્રી | કેટલા દિવસ કરશે? | વિષય | બાળક આ પ્રવૃત્તિથી શું શીખશે? |
|---|---|---|---|---|---|
| ૧. | ટપકાં ગણીએ | પેન્સિલ | ૫ | ગણિત | અંદાજ કરતા શીખે. સંખ્યાની ગમ્મત શીખે. |
| ૨. | જોયેલી વનસ્પતિ | પેન્સિલ | ૨ | પર્યાવરણ | સાદા જોઈ શકે તેવા લક્ષણોના આધારે આસપાસના વૃક્ષના પાંદડાં, ડાળ અને પ્રકાંડને ઓળખે. |
| ૩. | નામ – નામ રમીએ | કડક કાગળ, દોરો, નોટ બૂક, કાતર, પેન/ સ્કેચ પેન/ પેન્સિલ | ૨ | પર્યાવરણ | સાદા જોઈ શકે તેવા લક્ષણોના આધાર આસપાસના વૃક્ષના પાંદડાં, ડાળ અને પ્રકાંડને ઓળખે. |
| ૪. | ચિત્રની સરખામણી કરીએ | પેન્સિલ | ૧ | ગણિત | સંખ્યાઓની તુલના શીખે. |
| ૫. | પાંદડાં ઓળખીએ | પેન્સિલ, મીણિયા રંગ | ૧ | પર્યાવરણ | સાદા જોઈ શકે તેવા લક્ષણોના આધારે આસપાસના વૃક્ષના પાંદડાં, ડાળ અને પ્રકાંડને ઓળખે. |
| ૬. | સંખ્યા લખીએ – રમીએ | પેન્સિલ, પાસો, ચાર અલગ અલગ રંગનાં બટન કે કૂકરી | ૫ | ગણિત | ૧૦૧ થી ૨૦૦ સુધીની સંખ્યા ઓળખે. |
| ૭. | સંખ્યાની સરખામણી કરીએ | પેન્સિલ | ૧ | ગણિત | સંખ્યાઓની તુલના કરતા શીખે. |
| ૮. | ૧૦ – ૧૦ ની ગણતરી | પેન્સિલ | ૧ | ગણિત | ૧૦૦૦ સુધીની સંખ્યા ઓળખે. |
| ૯. | પાણી રે પાણી | પેન્સિલ | ૧ | પર્યાવરણ | પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે. |
| ૧૦. | મેહુલાનું ગીત | સ્માર્ટફોન | ૫ | ભાષા | ગીત, કાવ્યો, સંભાળશે અને સમજી શકે. |
| ૧૧. | મારું ઘર | પેન્સિલ | ૧ | પર્યાવરણ | રહેઠાણ અંગે સમજણ મેળવે. |
| ૧૨. | ગણીએ | પેન્સિલ | ૨ | ગણિત | રોજીંદા જીવનમાં સરવાળા-બાદબાકી આધારિત વ્યવહારુ કોયડાઓ ઉકેલે. |
| ૧૩. | વર્તો તો જાણું (ઉખાણા) | કશું નહીં | ૧ | ભાષા | ઉખાણા સંભાળશે અને સમજી શકે. |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | ટપકાં ગણીએ | ૦૫ |
| ૨ | જોયેલી વનસ્પતિ | ૦૬ |
| ૩ | નામ — નામ રમીએ | ૦૭ |
| ૪ | ચિત્રની સરખામણી કરીએ | ૦૮ |
| ૫ | પાંદડાં ઓળખીએ | ૦૯ |
| ૬ | સંખ્યા લખીએ — રમીએ | ૧૦ |
| ૭ | સંખ્યાની સરખામણી કરીએ | ૧૨ |
| ૮ | ૧૦ — ૧૦ ની ગણતરી | ૧૩ |
| ૯ | પાણી રે પાણી | ૧૪ |
| ૧૦ | મેહુલાનું ગીત | ૧૫ |
| ૧૧ | મારું ઘર | ૧૬ |
| ૧૨ | ગણીએ | ૧૭ |
| ૧૩ | વર્તો તો જાણું ! ( ઉખાણાં ) | ૧૯ |

# પ્રવૃત્તિ ૧ ટપકાં ગણીએ

**સામગ્રીઃ પેન્સિલ**

કેમ છો દોસ્ત?

મજામાં?

આજે આપણે એક મસ્ત રમત રમવાના છીએ. તે માટે તમારે એક સાથીદારની જરૂર પડશે. તો તમારા મમ્મી / પપ્પા / ભાઈ / બહેન / કાકા / દાદા જેની પાસે સમય હોય તેને રમત રમવા બેસાડો.

રમત રમવા માટે શું કરીશું તે જાણી લો.


નીચે ખાનામાં ટપકાં દોરેલાં છે. ખાનાની બંને બાજુ રમનારનાં નામ લખવા માટે જગ્યા રાખેલ છે. ત્યાં એક તરફ તમારું અને બીજી તરફ સાથીદારનું  નામ લખો.

તેની નીચે 'અંદાજિત સંખ્યા' - 'ખરેખર સંખ્યા' લખેલ છે. કોઈ એક ખેલાડી પેન્સિલથી એક વર્તુળ દોરે. વર્તુળની અંદર કેટલાંક ટપકાં આવી ગયા હશે. બીજો ખેલાડી અંદાજ મારશે કે તે ટપકાં કેટલાં છે. એ અંદાજ પોતાના નામ નીચે 'અંદાજિત સંખ્યા' લખ્યું છે તેની નીચે લખે. હવે પહેલો ખેલાડી વર્તુળની અંદર ખરેખર કેટલાં ટપકાં છે તે ગણશે અને તે 'ખરેખર સંખ્યા' નીચે લખે. હવે જુઓ કે અંદાજ સાચો પડયો કે નહીં. એકાદ બે ટપકાં સુધી ફેર હોય તો ચલાવી લેવું. હવે બીજા ખેલાડીએ વર્તુળ દોરવાનું. આ રીતે રમવાનું, વર્તુળમાં ટપકાં ૫૦થી વધારે ન આવે તેની કાળજી રાખવી, પાંચ કે છ વખત વારો લેવો પછી જુઓ કે કોનો અંદાજ વધારે સાચો છે.

**ખેલાડીનું નામ**

______________

______________



**ખેલાડીનું નામ**

______________

______________

| અંદાજિત સંખ્યા | ખરેખર સંખ્યા | અંદાજિત સંખ્યા | ખરેખર સંખ્યા |
| --- | --- | --- | --- |
| ______ | ______ | ______ | ______ |
| ______ | ______ | ______ | ______ |
| ______ | ______ | ______ | ______ |
| ______ | ______ | ______ | ______ |
| ______ | ______ | ______ | ______ |

https://www.youtube.com/watch?v=1cvU8cewp7Y

# પ્રવૃત્તિ ૨ જોયેલી વનસ્પતિ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આજે આપણે 'જોયેલી વનસ્પતિ' નામની પ્રવૃત્તિ કરવાના છીએ. તમે વિચારશો કે, એમાં શું કરવાનું? તો જુઓ નીચે વનસ્પતિની લાં...બી યાદી આપી છે. તમે તે વાંચો. જે વનસ્પતિ તમે જોયેલી હોય તેના ફરતે વર્તુળ દોરો. યાદી લાંબી છે, કંટાળો આવે તો રોજ થોડું થોડું કરો.

૧. લીમડો
૨. સાટોડી
૩. ગલગોટો
૪. કારેલી
૫. વડલો
૬. આધેડો/ અંગારી
૭. ગુલાબ
૮. નાગરવેલ
૯. ખીજડો
૧૦. ભીંડો
૧૧. સાદડ
૧૨. જામફળી
૧૩. આંબો
૧૪. ડોડી/ ખરખોડી
૧૫. ગુવાર
૧૬. બાજરી
૧૭. થોર
૧૮. સાગ
૧૯. બોગન વેલ
૨૦. જાસૂદ
૨૧. લીંબુડી
૨૨. નાગફણી / પડકાવેલ
૨૩. કેળ
૨૪. સેવંતી
૨૫. આંબલી
૨૬. ક્રિસમસ ટ્રી
૨૭. ગુંદો
૨૮. શેમાળો
૨૯. વિકળો
૩૦. કરમદી
૩૧. મગફળી
૩૨. સૂર્યમૂખી
૩૩. આસોપાલવ
૩૪. પારસ પીપળો
૩૫. ધતૂરો
૩૬. રેઈન ટ્રી
૩૭. પપૈયું
૩૮. મરચી
૩૯. મોગરો
૪૦. ફણસ
૪૧. જાંબુડો
૪૨. રૂખડો
૪૩. તાડ
૪૪. પીલુડી/ વખરો
૪૫. નાળિયેરી
૪૬. ગુલમહોર
૪૭. રાયણ
૪૮. સરગવો
૪૯. અરડૂસો
૫૦. અનાનસ
૫૧. કમળ
૫૨. મેંદી
૫૩. જુવાર
૫૪. શિંગોડા
૫૫. ટમેટી
૫૬. દેવદાર
૫૭. વાંસ

**વાલીઓ માટે સૂચના**

**આ પ્રવૃતિમાં બે બાબતનું ધ્યાન રાખવું.**
**૧. બાળક તેણે જોયેલી વનસ્પતિ પર જ કુંડાળું દોરે તે જોવું.**
**૨. વિસ્તાર પ્રમાણે વનસ્પતિનાં નામ અલગ હોય, આવા સંજોગોમાં બાળક તેની જાતે પોતાની યાદી બનાવે.**
**૩. આ યાદીમાં ન હોય પણ બાળકે જોઈ હોય તેવી વનસ્પતિનાં નામ લખી તેને નંબર આપો.**

## પ્રવૃત્તિ ૩

# નામ – નામ રમીએ

**સામગ્રીઃ કડક કાગળ, દોરો, નોટબૂક, કાતર, પેન/સ્કેચ પેન/ પેન્સિલ**

દોસ્ત,

આજે આપણે એક મસ્ત પ્રવૃત્તિ કરવાના છીએ. આપણે આપણી આસપાસની જેટલી પણ વનસ્પતિ છે તેનાં નામ આપવાનાં છે.

આ માટે પહેલાં તો નોટ બૂક અને પેન લઈ લો. તમારા ઘરે કે આસપાસમાં જેટલી વનસ્પતિ જોવા મળે તેની યાદી કરો.

તમારા ઘરે, ફળિયામાં, શેરીમાં, અગાસી કે બાલ્કનીમાં જ્યાં પણ વનસ્પતિ હોય તેની યાદી કરો.

હવે, કડક કાગળ લો. નકામી કંકોતરીનો કોરો ભાગ પણ ચાલે. વનસ્પતિનું નામ સમાય તે માપના ટુકડા કાપો. હવે યાદીમાંથી એક નામ કાર્ડ પર લખો. આ રીતે બધાં જ કાર્ડ પર નામ લખી લો. ચિત્રમાં બતાવ્યા મુજબ કાણાં પાડો. તેમાં મજબૂત દોરો પોરોવો. હવે જે ઝાડ કે છોડ હોય તેના પર તે ઝાડ કે છોડના નામનું કાર્ડ લગાવી દો. આ રીતે બધાં ઝાડને તેના નામનું કાર્ડ બાંધી દો. જો જો એકનું નામ બીજા ઝાડ પર ન લાગી જાય!

તમને આ પ્રવૃત્તિ કેવી લાગી તે તમારા શિક્ષકને ફોન કરી જણાવજો.




https://www.youtube.com/watch?v=2Yd3lJGjcCo

# પ્રવૃત્તિ ૪ ચિત્રની સરખામણી કરીએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,




આજે આપણે સંખ્યાની સરખામણી કરવી છે. કેવી રીતે કરીશું તે સમજી લો.







અહીં નીચે પાંદડાંનું ચિત્ર છે. નીચે તેની સંખ્યા પણ લખી છે. ડાબી બાજુ ૩ પાંદડાં છે અને જમણી બાજુ ૫ પાંદડાં છે. હવે જુઓ કે કઈ બાજુ પાંદડાં વધારે છે? કેટલાં વધારે છે? તમે જોશો કે જમણી બાજુ ૨ પાંદડાં વધારે છે. તેથી બાજુના ખાનામાં '૨ વધારે' એમ લખ્યું છે.




| | | |
|---|---|---|
| ૩ | ૫ | ૨ વધારે |

હવે નીચે જે ચિત્ર આપ્યાં છે. તે ગણીને નીચેના ખાનામાં લખો.




https://www.youtube.com/watch?v=ssS_5qEFAhA




# પ્રવૃત્તિ ૫ પાંદડાં ઓળખીએ



**સામગ્રીઃ પેન્સિલ, મીણિયા રંગ**

દોસ્ત,

તમે ઝાડ તો ઓળખ્યાં. આજે હવે પાંદડાં ઓળખવાનાં છે. અહીં નીચે કેટલાંક પાંદડાં દોરેલાં છે તે ઓળખો. નીચે જગ્યા આપી છે તેમાં તે વનસ્પતિનું નામ લખો. તમે જે પાંદડાં ઓળખો છો તેમાં રંગ પૂરો અને જેને ન ઓળખાતાં હોવ તેને એમ જ છોડી દેજો.







## પ્રવૃત્તિ ૬ સંખ્યા લખીએ – રમીએ


**સામગ્રીઃ પેન્સિલ, પાસો, ચાર અલગ અલગ રંગનાં બટન કે કૂકરી**



દોસ્ત,

બીજા ધોરણમાં આપણે ૧૦૦ એકડા શીખ્યાં હતાં. હવે ૧૦૦થી આગળની સંખ્યા શીખીશું અને રમીશું પણ ખરા!

અહીં બાજુનાં પાના પર ૧૦૧ થી ૨૦૦ સુધી એકડા લખેલા છે. તેમાં કેટલાક અંક લખવાના રહી ગયા છે. તમે પહેલાં એ અંક લખી નાખો. પછી નીચે રમતના નિયમ લખ્યા છે તે વાંચો અને રમો.




**રમતના નિયમો**

૧. તમે જુઓ કે ૧૦૦ થી ૨૦૦ સુધીના અંકો એક રસ્તા પર લખ્યા હોય તેમ લખેલ છે.
૨. વચ્ચે ક્યાંક ક્યાંક પગલાં દોરીને રસ્તો જુદો પણ કરેલ છે. એટલે કે તમે જો એવા અંક પર આવો કે જ્યાં પગલાં દોરેલાં હોય તો તે રસ્તો જ્યાં જાય ત્યાં જવું.
૩. જો જો હોં, ક્યારેક પગલાં તમને આગળ લઇ જશે અને ક્યારેક પગલાં પાછળ લઇ જશે.
૪. ખેલાડીની સંખ્યા ૨ થી ૪ ની રાખવી.
૫. ખેલાડીનો ક્રમ નક્કી કરો.
૬. પાસો ફેંકો, જેટલાં ટપકાં આવે તેટલાં ડગલાં આગળ વધો.
૭. હવે તમારા પછીના ખેલાડીને પાસો ફેંકવા આપો.
૮. જે અંક પર રસ્તો આવે ત્યાં પગલાં જે દિશામાં જતાં હોય તે તરફ ચાલો
૯. રસ્તાના છેડે જે અંક હોય ત્યાં પહોંચી જાઓ.
૧૦. જે ૨૦૦ પર પહોંચે તેની રમત પૂરી. પછી બાકીના સભ્યો રમે.

https://www.youtube.com/watch?v=4jWuPph-PJI

# પ્રવૃત્તિ ૭ સંખ્યાની સરખામણી કરીએ

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

પ્રવૃત્તિ - ૪ માં તમે ચિત્રોની સરખામણી કરી હતી. આજે આપણે સંખ્યાની સરખામણી કરવાની છે.

તે માટે પહેલાં એક ઉદાહરણ સમજીએ.

ટીનુ પાસે ૨૦ રૂપિયા છે અને દીપુ પાસે ૧૦ રૂપિયા છે.

તો દીપુ પાસે ટીનુ કરતાં કેટલા રૂપિયા ઓછા છે? ૨૦ રૂપિયામાંથી ૧૦ રૂપિયા ઓછા કરીએ તો ૧૦ રૂપિયા વધે. એટલે કે દીપુ પાસે ટીનુ કરતાં ૧૦ રૂપિયા ઓછા છે.

ટીનુ પાસે ૨૦ રૂપિયા અને દીપુ પાસે ૧૦ રૂપિયા, દીપુ પાસે ટીનુ કરતાં ૧૦ રૂપિયા ઓછા છે.

**હવે નીચે તમે ગણતરી કરી લખો**

(૧) રાધા પાસે ૫૦ બોર અને રાહી પાસે ૪૦ બોર છે, માટે રાહી પાસે ________ કરતાં ________ બોર ઓછાં છે.

(૨) ફિરોઝ પાસે ૧૫ જોડી કપડાં અને સાજિદ પાસે ૧૨ જોડી કપડાં છે, સાજિદ પાસે ________ કરતાં ________ જોડ કપડાં ઓછાં છે.

(૩) હસિતભાઈના ઘરે ૧૦૦ પુસ્તકો છે અને હાજીભાઈના ઘરે ૮૦ પુસ્તકો છે. હાજીભાઈ પાસે ________ કરતાં ________ પુસ્તકો ઓછાં છે.

(૪) કુમાર પાસે ૧૮ ગાયો છે અને ભારત પાસે ૧૨ ગાયો છે, ભારત પાસે ________ કરતાં ________ ગાયો ઓછી છે.

(૫) ગોપાલ પાસે ૭૦ મણ ઘઉં છે અને માઈકલ પાસે ૪૦ મણ ઘઉં છે, માઈકલ પાસે ________ કરતાં ________ મણ ઘઉં ઓછા છે.

(૬) ધોનીએ ૧૫૦ રન કર્યા અને કોહલીએ ૧૦૦ રન કર્યા, કોહલીએ ________ કરતાં ________ રન ઓછા કર્યા છે.

(૭) નુરી પાસે ૪૦ બટાકા છે અને આશા પાસે ૨૫ બટાકા છે, ________ પાસે ________ કરતાં ________ બટાકા ઓછા છે.

(૮) રાકેશ પાસે ૧૦૦ નંગ કેરી છે અને કરીમ પાસે ૬૦ નંગ કેરી છે, ________ પાસે ________ કરતાં ________ નંગ કેરી ઓછી છે.

# પ્રવૃત્તિ ૮ — ૧૦ – ૧૦ની ગણતરી

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આજે આપણે દસ દસની ગણતરી કરતાં શીખવાના છીએ.

તમારે ખૂટતી રકમ લખવાની છે.

૧૦
૨૦
૩૦
______
______
૬૦
______
______
______
૧૦૦
૧૧૦
______
______
૧૪૦
______
______
______
૧૮૦
______
______

૨૧૦
______
૨૪૦
૨૫૦
______
______
______
______
______
૩૧૦
૩૨૦
______
૩૪૦
______
______
______
૩૮૦
______
______
______

૪૨૦
______
______
______
૪૬૦
______
______
______
______
______
______
૫૩૦
૫૪૦
______
______
______
______
______
૬૦૦

______
૬૨૦
______
______
૬૫૦
______
______
૬૯૦
______
______

## પ્રવૃત્તિ ૯ પાણી રે પાણી

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આપણે આખા દિવસમાં ઘણું પાણી વાપરીએ છીએ.

આ પાણી ક્યાંથી મળે?

નીચે કેટલાંક નામ લખ્યાં છે. તે જગ્યાએથી આપણે પાણી મેળવીએ છીએ.



તમારા ગામમાં પાણી માટે જે વ્યવસ્થા હોય તેની સામે ✓ નિશાની કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| તળાવ | | વરસાદી પાણીનો ટાંકો | | કેનાલ | |
| નદી | | નળ | | ટાંકી | |
| કૂવો | | ડંકી (હેન્ડપંપ) | | બોર | |

અહીં કેટલાંક કામ લખેલાં છે.

જેમાં પાણી વપરાતું હોય તેની સામે ✓ નિશાની કરો.

(૧) દાતણ કરવું ( )
(૨) સંડાસ જવું. ( )
(૩) ન્હાવું ( )
(૪) રસોઈ કરવી ( )
(૫) કસરત કરવી ( )
(૬) કપડાં ધોવાં ( )
(૭) ગૃહકામ કરવું ( )
(૮) મકાન ચણવું ( )
(૯) પથારી પાથરવી ( )
(૧૦) કાગળ કાપવો ( )
(૧૧) ઘાસ કાઢવું ( )
(૧૨) તરવું ( )
(૧૩) શરબત બનાવવું ( )
(૧૪) માટલું ભરવું ( )
(૧૫) ભરત ભરવું ( )
(૧૬) સાઇકલ ચલાવવી ( )
(૧૭) ઝાડ ઉછેરવું ( )
(૧૮) હીંચકા ખાવા ( )
(૧૯) ફિલ્મ જોવી ( )
(૨૦) ગાય દોહવી ( )

કુલ સાચાની નિશાની કેટલી થઈ? ( )

વિચારો, આપણને કેટલાં બધાં કામમાં પાણીની જરૂર પડે છે!

# પ્રવૃત્તિ ૧૦ મેહુલાનું ગીત

**સામગ્રીઃ સ્માર્ટ ફોન**

દોસ્ત,

ચોમાસુ ચાલે છે.

તો વરસાદનું એક ગીત ગાઈએ?

વરસાદને મેહુલો પણ કહેવાય.

પ્રવૃત્તિ- ૧૦ માં આપણને ખ્યાલ આવ્યો કે આપણને કેટલાં બધાં કામ માટે પાણી જોઈએ છે.

આપણને આટલું બધુ પાણી તો વરસાદ આપે છે.

વરસાદ ઓછો પડે તો આપણને ખૂબ મુશ્કેલી પડે.

તો ચાલો વરસાદને - મેહુલાને બોલાવીએ.

જો તમારી પાસે સ્માર્ટ ફોન હોય તો અહીં આપેલ QR કોડ સ્કેન કરી ગીત જુઓ.

સ્માર્ટ ફોન ન હોય તો વાંધો નહીં. અહીં આપેલ ગીત બીજા કોઈ પાસે ગાતાં શીખો.

આવ રે મેહુલા આવ,
મેહુલા અષાઢના રે.

ઘેરી ઘેરી વાદળી જળે ભરેલી,
વરસી ઝરમર જાય......... મેહુલા.

ઝબકે ઝબઝબ વીજળી રે,
વાદળ ધમ ધમ થાય......... મેહુલા.

નદીએ પાણી રેલાશે રે,
ધરતી ડૂબ ડૂબ થાય.......... મેહુલા.

ખેતર ખેડુ ખેડશે રે,
કપાસને કણ થાય......... મેહુલા.

શ્રી ત્રિભુવન વ્યાસ



https://www.youtube.com/watch?v=kcR79xyd2mY

# પ્રવૃત્તિ ૧૧ મારું ઘર

**સામગ્રીઃ પેન્સિલ**

દોસ્ત,

આપણે ઘર શા માટે બનાવીએ છીએ?

તમે કહેશો કે ‘રહેવા માટે!’

વાત તો સાચી. આપણે રહેવા માટે ઘર બનાવીએ છીએ.

કોઈનું ઘર નાનું હોય, કોઈનું ઘર મોટું હોય.

કોઈનું ઘર કાચું હોય, તો કોઈનું ઘર પાકું હોય.

કોઈનું ઘર જમીનને અડીને હોય, તો કોઈનું ઘર દસમા માળે હોય!

અહીં ઘરમાં હોય તેવી જગ્યાનાં નામ લખેલાં છે.

તમારા ઘરે તેમાંથી જે જગ્યા હોય તેની સામે ✓ નિશાની કરો.

| | | | |
|---|---|---|---|
| ૧. રસોડું | ( ) | ૧૧. કપડાં મૂકવાની જગ્યા | ( ) |
| ૨. બાથરૂમ | ( ) | ૧૨. ગાદલાં ગોદડાં મૂકવાની જગ્યા | ( ) |
| ૩. સુવા માટેનો રૂમ | ( ) | ૧૩. અનાજ મૂકવાની જગ્યા | ( ) |
| ૪. આંગણું | ( ) | ૧૪. વાસણો રાખવાની જગ્યા | ( ) |
| ૫. ટીવી જોવા માટે રૂમ | ( ) | ૧૫. પુસ્તકો રાખવાની જગ્યા | ( ) |
| ૬. ગાય/ ભેંશ બાંધવાની જગ્યા | ( ) | ૧૬. ટી. વી. મૂકવાની જગ્યા | ( ) |
| ૭. સંડાસ | ( ) | ૧૭. કપડાં ધોવાની જગ્યા | ( ) |
| ૮. બાળકો માટે રૂમ | ( ) | ૧૮. રમકડાં મૂકવાની જગ્યા | ( ) |
| ૯. હાથ ધોવાની જગ્યા | ( ) | ૧૯. ઢોરના ઘાસ-પૂળા ભરવાની જગ્યા | ( ) |
| ૧૦. મહેમાન માટે રૂમ | ( ) | ૨૦. વાપરવાનું પાણી ભરવાની જગ્યા | ( ) |

કુલ સાચાની નિશાની કેટલી થઈ તે ગણી અહીં લખો. _______

હવે ખ્યાલ આવ્યો કે આપણે ઘરનો કેટલો બધો ઉપયોગ કરીએ છીએ!

# પ્રવૃત્તિ ૧૨ ગણીએ

**સામગ્રીઃ પેન્સિલ**

આપણે ઘણીવાર કોઈ વસ્તુની જરૂર પડે ત્યારે કોઈ પાસે માગીએ. આપણી પાસે કોઈ વસ્તુ હોય તો કોઈને આપીએ પણ ખરા.

આજે આપણે આવી આપ - લે કરવાની છે. તે માટે તમારે સરવાળા કે બાદબાકી કરવી પડશે. દાખલા તરીકે ટીનુને દડો ખરીદવો છે. તેની કિંમત છે ૬૦ રૂપિયા. ટીનુ પાસે છે ૪૦ રૂપિયા. તો તેણે મમ્મી પાસેથી કેટલા રૂપિયા લેવા પડે? દડાની કિંમત કરતાં ટીનુ પાસે ઓછા રૂપિયા છે તેથી બાદબાકી કરીશું.

  ૬૦ રૂપિયા દડાની કિંમત
- ૪૦ રૂપિયા ટીનુ પાસે છે.
______
૨૦ રૂપિયા મમ્મી પાસે માગવા પડે.

બસ આ રીતે તમારે ગણતરી કરવાની છે. સરવાળા કરવા કે બાદબાકી કરવી તે તમારે નક્કી કરવાનું છે

(૧) મીના પાસે ૪૫ રૂપિયા છે ટીનાએ મીનાને ૩૨ રૂપિયા આપ્યા. મીના પાસે હવે ______ રૂપિયા થશે.

૪૫ (મીના પાસેના રૂપિયા)
૩૨ (ટીનાએ આપ્યા)
______
(મીના પાસે હવે રહેલા રૂપિયા)

(૨) મોન્ટુ પાસે ૨૦ લખોટી છે તેમાંથી મોન્ટુએ ૧૦ લખોટી ટીકુને આપી. હવે, મોન્ટુ પાસે ______ લખોટી હશે.

૨૦ (મોન્ટુ પાસેની લખોટી)
૧૦ (મોન્ટુએ આપેલી લખોટી)
______
(હવે મોન્ટુ પાસે રહેલી લખોટી)

(૩) મારી દુકાનમા ૨૧૦ પેંડાનાં પેકેટ હતાં તેમાંથી ૧૦૦ પેકેટ વેચાઈ ગયા. હવે મારી દુકાનમાં પેંડાના ______ પેકેટ છે.

૨૧૦ (પેંડાનાં પેકેટ હતાં)
૧૦૦ (પેકેટ વેચાઈ ગયાં)
______
(મારી દુકાનમાં હવે બચેલાં પેકેટ)

(૪) એક ગામમાં ૫૦૦ લોકો રહેતા હતા. આજે ગામમાં એક લગ્નમાં ૨૦૦ લોકો આવ્યા. આજે ગામમાં ______ લોકો હશે.

૫૦૦ (ગામમાં રહેતા લોકો)
૨૦૦ (લગ્નમાં આવેલા લોકો)
______
(આજે ગામમાં લોકો હશે)

(૫) રાજુ પાસે ૩૦ ઘેટાં છે. તેણે ૧૩ ઘેટાં વેચતા લીધાં. અને ૨૫ ઘેટાં તેના મિત્રએ સાચવવા આપ્યાં. રજુ પાસે હવે _______ ઘેટાં છે.

૩૦ (રાજુનાં ઘેટાં)
૧૩ (રાજુએ વેચતા લીધાં)
૨૫ (રાજુના મિત્રે સાચવવા આપ્યાં)
_______
(રાજુ પાસે હવે રહેલાં ઘેટાં)

(૬) મારા પપ્પા બજારમાં ગયા ત્યારે તેમના ખિસ્સામાં ૯૦૦ રૂપિયા હતા. પાછા આવ્યા ત્યારે ખિસ્સામાં ૨૦૦ રૂપિયા હતા. એટલે મારા પપ્પાએ બજારમાં _______ વાપર્યા.

૯૦૦ (રૂપિયા ખિસ્સામાં હતા)
૨૦૦ (બચેલા રૂપિયા)
_______
(પપ્પાએ વાપરેલા રૂપિયા)

(૭) અમારા ગામમાં ગયા ચોમાસામાં ૮૪૦ ઝાડ વાવેલાં. ઉનાળામાં ૧૩૦ ઝાડ સુકાઇ ગયાં. એટલે _______ ઝાડ ઉછરી ગયાં.

૮૪૦ (વાવેલા ઝાડ)
૧૩૦ (સુકાઇ ગયેલા ઝાડ)
_______
(ઉછરી ગયેલા ઝાડ)

(૮) અમારી શાળામાં ૩૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. આ વર્ષે ૩૭ વિદ્યાર્થીઓ નવા આવ્યા. હવે શાળામાં _______ વિદ્યાર્થીઓ છે.

૩૦૦ (વિદ્યાર્થીઓ શાળામાં હતા)
૦૩૭ (વિદ્યાર્થીઓ નવા આવ્યા)
_______
(વિદ્યાર્થીઓ શાળામાં થયા)

## પ્રવૃત્તિ ૧૩ વર્તો તો જાણું! (ઉખાણાં)

**સામગ્રીઃ કશું નહીં**

અહીં કેટલાંક ઉખાણાં આપેલા છે. તમે વાંચો અને તેના જવાબ શોધો! સાચા જવાબ આ જ પોથીમાં ક્યાંક આપેલા છે.

૧. એક જનાવર ઇતું, એ પૂંછડે પાણી પીતું!

૨. કાળો છે પણ કાગ નહીં,
લાંબો છે પણ નાગ નહીં,
ફૂલ ચડે ભગવાન નહીં
તેલ ચડે પણ હનુમાન નહીં

૩. ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં
તોય મારા આભલામા સમાય

૪. સફેદ થાળીમાં કાળું મોતી!

**વાલીઓ માટે - બાળક વિવિધ માધ્યમો દ્વારા અધ્યયન માટે કેટલો સમય પ્રવૃત્ત રહ્યું તે અહીં નોંધો.**

| તારીખ | દુરદર્શન/ બાયસેગ (સમય) | પાઠ્યપુસ્તક (સમય) | "ઘરે શીખીએ"ની પ્રવૃત્તિઓ (સમય) | મોબાઈલ દ્વારા (યુ-ટ્યુબ/ QR કોડ) (સમય) | યોગ, કસરત, રમત-ગમત (સમય) | દિવસ દરમિયાન બાળકે કુલ કેટલો સમય અભ્યાસ કર્યો? | શિક્ષક સાથે ફોન પર વાત થઇ (જે દિવસે વાત થઇ હોય ત્યાં ખરાની નિશાની કરવી) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

unicef

ItoWE
Development Foundation

419-A, Block B, Siddhraj Zori, Sargasan crossroad, Gandhinagar-382421, Gujarat, India, info@itowe.in I www.itowe.in